# -: દુનિયા અને તેની છેતરપીંડી :-

દુનિયામાં રહીને લોગો દુનિયાથી છેતરાય છે તેની મિસાલ એક મર્દની છે કે, જે એક આફતોથી ભરેલા કુવામાં લટકાયો છે. હિકમતનાં લોગોમાં બલોહરનું નામ મશ્હુર છે. બલોહર એક હાઝિક હકીમ હતા અને બુઝાસુફને હિકમત ભરેલી નસીહતો કરતા હતા. એક ગુફતગૂ દૌરાન બલોહરે બુઝાસુફને કહ્યું કે, "એક મર્દ હતો. તે બાહર જંગલ બયાબાનમાં ગયો. તે મર્દ જંગલમાં ચાલતો હતો કે તે દૌરાન તેને એક મસ્ત થયેલો હાથી નઝર આવો, અને તે હાથીએ તે મર્દ પર હમલો કીધો. પોતાની જાન બચાવવા તે પીઠ ફેરવીને જલ્દીથી નાસો અને હાથીએ પણ તેનો પીછો કીધો. આમ નાસતા નાસતા રાત પડી ગઇ. લાચાર થઇને તે એક જૂના કુવામાં લટકાઇ ગયો. કુવાના કાંઠા પર તેને બે ડાલીઓ ઉગેલી જોઇ, જેને પકડીને તે વલગી રહ્યો. કુવાના પહોલાણમાં કોઇ ચીઝ સહારા વાસ્તે તેને નઝર આવી જેને પર તેના બે પગોનો ટેકો આપો અને બે ડાલીઓના સહારે તે કુવામાં બરાબર લટકાઇ ગયો અને હાથીથી છુપી જઇ હમલાથી બચી ગયો. હાથી પણ હોશિયાર હતો, તે કુવાને નઝદીક જ ઉભો રહ્યો અને આમ કરતાં ફજર થઇ. ફજરની રોશનીમાં તે મર્દ જુએ છે કે, જે બે ડાલીઓના સહારે તે કુવામાં લટકાયેલો છે તેની જડમાં બે ઉંદર છે, એક કાલો અને બીજો સફેદ. એ ઉંદરો ડાલીઓને કતરતા હતા. હજી તે તેના બે પગોને નીચે જુએ છે કે, કુવાનાં પોલાણમાંથી ચાર સાઁપો પોતાના દરમાંથી મ્હોંને નિકાલે છે અને છેક તલિયા તરફ તેએ નઝર કીધી તો એક અઝદહા-અજગર મ્હોં ફાડીને તે મર્દનો લુકમો લેવાની વાર જુએ છે. પછી તેએ બે ડાલીઓના થડ તરફ નઝર કીધી તો મધપુડો નઝર આવો અને કંઇક શહદ-મધ ટપકી રહ્યું હતું, જેની તેએ તેનો મ્હોંને ડાલીઓના થડ તરફ લંબાવીને થોડી મીઠાશ ચાખી લીધી.

હવે હાલ પુરતી લઝઝતોમાં જે ઝાએકો અને મીઠાશ તેને લાગી તે સબબથી બીજા હમગમનો વિચાર તેના દિલમાંથી દૂર થયો અને એક-બે ડાલાઓથી વલગેલો છે કે બે ઉંદરો એ બે ડાલીઓને જલ્દી જલ્દી કતરી રહ્યા છે, તે ધ્યાનમાં ન રહ્યું; અને ચાર સાંપો પર તે પગ મૂકીને ઉભેલો છે તે સાંપોમાંથી કોઇ પણ એના ઉપર કયારે ઉછલીને હમલો કરશે તેની તેને ખબર ન રહી; અને જે અઝદહા-અજગર મહોં ફાડીને તેને લુકમો લઇ લેવા તૈયાર છે અને તે નીચે પડશે તો તેનો શું હાલ થાશે ? તે પણ ભુલી ગયો.

બલોહરે બુઝાસુફને કહ્યું કે, અય ફરઝંદ, આ મિસાલ-ઓઠાની તફસીર અને બયાન એમ છે કે, **કૂવો- તે આફતો અને બલાઓથી ભરેલી આ દુનિયા છે.** અને બે ડાલીઓ તે મઝમ્મતને લાઇક દુનિયાની આ હયાતી-ઝિંદગી છે. અને બે ઉંદર - એમાંનો સફેદ ઉંદર તે દિન છે અને કાલો ઉંદર તે રાત છે, જે કૂવાના ડાલાઓને કતરે છે આ દિન અને રાત ઈન્સાનની ઉંમરની મુદ્દતને યકસાં જલ્દીથી કતરે છે - ઓછી કરે છે. અને ચાર સાંપો તે ઈન્સાનનાં જિસ્મના ચાર મિઝાજો છે જેને (૧) દમ (ખૂન) (૨) બલગમ (૩) સફરાઅ (બાઇલ, પીત્ત) (૪) સુદાઅ (બ્લેક બાઇલ) કહેવાય છે. આ ચારે મિઝાજની મીલાવટમાં અગર એકમાં પણ ઝિયાદહ-કમ થાય છે, તો ઈન્સાનનાં જિસ્મમાં ફસાદ પૈદા થાય છે અને જિસ્મ હલાક થાય છે. મૌત આવે છે. અને અઝદહા-અજગર કે જે કુવામાં ઉતરેલો છે તે ઈન્સાનનો લુકમો લઇ લેવા બેતાબ છે અને મોં ફાડીને રાહ જુએ છે, તે મૌત છે જેને મલકુલ મૌત લઇને તેની તાકમાં જ ઉભો છે. અને હાથી તે ઉંમરની મુદ્દત છે, જે એ ઈન્સાનનો પીછો કીધો છે; **અને શહદ-મધ તે દુનિયામાં ઐશો આરામ અને રાહતો સુકૂનની ઝર્રા બરાબરની લઝઝત છે જેથી ઇન્સાન છેતરાયેલો છે અને ધોકામાં છે.**

હિકમતનાં લોગો કહે છે કે, દુનિયાની બે-સિબાતી અને કલીલ મુદ્દતને સમઝવા વાસ્તે આ મિસાલ - ઓઠો કાફી છે અને હર અકલવાલા વાસ્તે તે દુરૂસ્ત અને બરાબર છે. દુનિયાની કૈફીયત પર જો તે બરાબર ગૌરો ફિકર કરશે તો ખયાલમાં આવશે કે તે બૈરોની મય્યત મુજબ છે અને આખેરત તે દુલ્હાનું ઘર અને હુરૂલઇન દુલ્હાની દુલ્હન છે. જે વક્ત મૌત કરીબ થાશે તે વક્ત જે લોગો દુનિયામાં મશ્ગૂલો-ગિરફતાર અને નશામાં ચકચૂરો મદહોશ પડેલા હશે એની આંખો ખુલી જાશે અને તેઓ જોશે કે જેને તેઓ હકીકત સમઝતા હતા તે જૂઠ છે અને જેને પોતીકું સમઝતા હતા તે ગૈરનું છે. તે વક્ત દુનિયાવાલાઓ તમામ અફસોસ કરી એક આહનો નાઅરો ભરશે અને ઉમ્મીદ કરીને દિલમાંને દિલમાં અલ્લાહ તઆલાને કહેવા લાગશે કે, અય મારા રબ, **હું દુનિયાથી છેતરાઇ ગયો મને પાછો તેમાં વાલ જેથી હું પાછા મારા અમલે સાલેહ કરી લઉં.** પણ કાશ કે અલ્લાહતઆલા તેના આ નાઅરાને સાંભલશે કેમકે તે વકતમાં તો તેના આ નાઅરાઓ અને અફસોસ ની નિદા કોઇ કામ લાગશે નહીં, બલ્કે દિલમાં પસ્તાવો જ બાકી રહી જાશે. ★